# અરવલ્લી જિલ્લામાં અગનવર્ષા

મોડાસા, તા. ૧૬

સમગ્ર દેશમાં અને ગુજરાતમાં કાળઝાળ ગરમીનું મોજુ હાવી થયું છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં આજે તાપમાનનો પારો ૪૪.૫ ડીગ્રીએ પહોંચતા જિલ્લામાં આકાશમાંથી અંગારા વરસતા હોય તે રીતે ગરમીનો પ્રકોપ યથાવત રહેતાં જિલ્લાની પ્રજા આજની અસહ્ય ગરમીથી હેબતાઈ ગઈ હતી. અસહ્ય ગરમી સાથે પવન ફુકાતા જિલ્લાના પ્રજાજનો રીતસરના શેકાયા હતા.

અરવલ્લી જિલ્લામાં આજે વહેલી સવારથી જ ગરમીના કારણે બફારો જોવા મળતો હતો. જિલ્લાના વાતાવરણમાં સતત ગરમીનો પારો ઉંચકાતા જિલ્લાના પ્રજાજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. સૂરજદાદાના આકરા મિજાજથી ઠંડક આપતા ઉપકરણોમાં રહેતા લોકો પણ ગરમીથી અને સૂર્યના ધગધગતા તાપથી ફફડી ઉઠ્યા છે. જિલ્લામાં અસહ્ય ગરમીથી સનસ્ટ્રોકનુ મોજુ હાવી થઈ જતા જિલ્લાના બાળકો, અબાલવૃદ્ધો ઝાડા-ઉલટીની ઝપટમાં આવી ગયા છે. જિલ્લાની મોટાભાગની હોસ્પિટલોમાં ઝાડા-ઉલટીના દરદીઓથી ઉભરાવવા લાગી છે. જિલ્લામાં અસહ્ય બફારો અને બપોર થતાં આકાશમાંથી કુદરતે અગનગોળા છોડ્યા હોય તેમ કાળઝાળ ગરમીનુ મોજુ હાવી થઈ ગયુ હતુ. જિલ્લાના રસ્તાઓ સ્ટેટ હાઈસે, નેશનલ હાઈવે સુમસામ બની ગયા હતા. રસ્તાઓ પરથી પસાર થતા વાહનચાલકોએ પણ અસહ્ય ગરમીથી જિંદગી બજાવવા માટે જ્યાં છાંયડો મળ્યો ત્યાં વાહનો થોભાવી વાહનોમાં આરામ ફરમાવતા જોવા મળતા હતા.

મોડાસા શહેરમાં અસહ્ય ગરમીથી શહેરના નગરજનો બપોરે ૧૨ વાગ્યા પછી પોતાના ઘરોમાં જ નજરકેદ થઈ જતા હોવાથી શહેરના રસ્તાઓ સુમસામ બન્યા છે. આજની ગરમીમાં અસહ્ય વધારો જોવા મળ્યો હતો. મોડાસા શહેરના દુકાનદારો ગરમીથી તોબા પોકારી ઉઠ્યા હતા. ગ્રાહકોની રાહ જોતા દુકાનદારો ગરમ પવનના કારણે લૂ માં રીતસરના શેકાઈ જતા હોવા છતાં ન છૂટકે ગરમીમાં પણ ધંધારોજગારમાં જોતરાઈ રહેવુ પડે છે. મોડાસા શહેરના માર્ગો પર પ્રજાજનો તો ઠીક પણ અસહ્ય ગરમીથી અબોલ પશુઓ પણ ગાયબ થઈ ગયા છે. પ્રજાજનો ગરમીના મોજાથી તોબા પોકારી ઉઠ્યા છે.

## તાપમાન ૪૪.૫ ડિગ્રી



(તસવીર : જય અમીન, મોડાસા)

# મોડાસાના માવાની દુકાનમાંથી ૮.૫૦ લાખની માતબર રકમની ચોરી

મોડાસા, તા. ૧૬

મોડાસા શહેરના બસસ્ટેન્ડ વિસ્તારમાં લીઓ પોલીસ ચોકડીથી ખુબજ નજીકના અંતરે અજાણ્યા તસ્કરોએ એક માવાવાળાની દુકાનમાં ત્રાટકીને ૮.૫૦ લાખ જેટલી માતબર રોકડ રકમની ચોરી કરીને ફરાર થઈ જતાં મોડાસા શહેરમાં આ આટલી મોટી રકમની ચોરી ચર્ચાનો વિષય બની છે. મોડાસા ટાઉન પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.



(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા ટાઉન પોલીસ સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ મોડાસા બસસ્ટેન્ડ વિસ્તારમાં લીઓ પોલીસ ચોકડીથી ૩૦૦ મીટરથી ઓછા અંતરે આવેલા ઉપાસના કોમ્પલેક્ષમાં રામભાઈ માવાવાલા નામની દુકાન આવેલી છે. આ દુકાનમાં રાત્રીના સમયમાં અંધારાનો લાભ લઈ કોઈક અજાણ્યા શખ્સોએ દુકાનનુ શટરનું તાળુ તોડીને કાઉન્ટરમાં મુકેલા રૂ. ૫૦૦ ની દરની નોટોના ૧૭ બંડલો મળી ૮,૫૦,૦૦૦ રૂ. રકમ ઉઠાવીને ફરાર થઈ જતાં આખા મોડાસા શહેરમાં આ ઘટના ટોક ઓફ ધી ટાઉન બની છે. આ દુકાનમાં માત્ર માવો વેચવાનો ધંધો થતો હોવા છતાં આટલી મોટી માત્રામાં રોકડ રકમ આવી ક્યાંથી તે મોટો તપાસનો વિષય બન્યો છે. મોડાસામાં આટલી મોટી સંખ્યામાં બેન્કો આવેલી હોવા છતાં ૮.૫૦ લાખ રૂપિયાની રકમ રાત્રીના સમયે દુકાનમાં કેમ રાખવામાં આવી ? ક્યાંથી લાવવામાં આવી હતી ? કોને આપવામાં આવનાર હતી ? વગેરે બાબતો પોલીસ માટે તપાસનો વિષય બન્યો છે. હાલ તો પોલીસે ફરિયાદ નોંધી જરૂરી તપાસ મોડાસા ટાઉન પી.આઈ. કે.જે. ચૌધરી કરી રહ્યા છે. ફરિયાદ નોંધી જરૂરી તપાસ મોડાસા ટાઉન પી.આઈ. કે. જે. ચૌધરી કરી રહ્યા છે. લગભગ મોડાસાના છેલ્લા ૧૦ વર્ષના ૮.૫૦ લાખ જેટલી માતબર રોકડ રકમની ચોરી થઈ હોય તેવો પહેલો કિસ્સો છે.

### ચોરીમાં કોઈ જાણભેદુ જ હોવાની આશંકા

મોડાસા શહેરના ટ્રાફિકથી ધમધમતા બસસ્ટેન્ડ વિસ્તારમાં અંડરગ્રાઉન્ડમાં આવેલી માવાવાળાની દુકાનના કાઉન્ટરમાં ૮.૫૦ લાખ જેટલી રકમ પડી હોય તે રસ્તે જનારને ખબર ન જ હોય. આ ચોરી કોઈ જાણભેદુએ જ કરી હોવાની આશંકા છે. દુકાનદારો પણ શહેરમાં બેન્કો અને પોતાનું રહેઠાણ હોવા છતાં ૮.૫૦ લાખની રકમ દુકાનમાં મુકવાની ફરજ કેમ પડી તે મુખ્ય તપાસનો વિષય છે.

# ભિલોડા નિલકંઠ સોસાયટીમાં એક મકાનમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા

**સોના-ચાંદીના દાગીનાની કિંમત રૂા.૭૮,૫૦૦/-ની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન : પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો : ભિલોડા પોલીસ નાઈટ પેટ્રોલીંગમાં વેઠ ઉતારે છે : લગ્ન સીઝનમાં તસ્કરોને જલસા**

ભિલોડા,તા.૧૬

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાં દિન-પ્રતિ-દિન ચોરીઓનો ઉપદ્રવ વધતાં પ્રજાજનોમાં ભારે ફફળાટ ફેલાયો છે.ભિલોડા મામલતદાર કચેરી સામે રેસીડેન્ટ વિસ્તારમાં આવેલ નિલકંઠ સોસાયટીમાં એક મકાનમાં ગત મધ્યરાત્રે અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા.સોના-ચાંદીના દાગીનાની કુલ કિંમત રૂા.૭૮,૫૦૦/-ની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં પ્રજાજનોમાં ભારે ફફળાટ ફેલાયો છે. ભિલોડા પોલીસ નાઈટ પેટ્રોલીંગમાં વેઠ ઉતારે છે ત્યારે લગ્નસરાની સીઝન પુરબહારમાં ખીલી ઉઠી છે ત્યારે તસ્કરોને જલસા પડી ગયા છે.

ભિલોડામાં હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાં આવેલ (૧)બ્રહ્માણીનગર સોસાયટીમાં રૂા.૫૦,૦૦૦/-નો હાથફેરો તસ્કરોએ કર્યો (૨)આનંદનગર સોસાયટીમાં રૂા.૪૩,૦૦૦/-નો હાથ ફેરો તસ્કરોએ કર્યો (૩)તિરૂપતી સોસાયટીમાં એક બંધ મકાનના તાળા તોડી રૂા.૬૪,૦૦૦/-નો તસ્કરોએ હાથફેરો કર્યો હતો.તેની શાહી તો હજુ સુકાઈ નથી ત્યારે ભિલોડાના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાં આવેલ નિલકંઠ સોસાયટીમાં મકાન ધરાવતા યુ.જી.વી.સી.એલ.ના કર્મચારી મગનભાઈ જેઠાભાઈ પરમારના મકાનમાં અજાણ્યા તસ્કરો ગત રોજ મધ્યરાત્રે મકાનના પાછળની લોખંડની જાળીના લોખંડ દરવાજાના તાળા તોડી મકાનમાં અજાણ્યા તસ્કરોએ બિન્દાસ્ત પ્રવેશ કર્યો હતો.લોખંડનું તિજોર કબાટ ખોલી સામાન વેરવિખેર કરી નાખ્યો હતો.લોખંડની પેટીમાં મુકેલા સોના-ચાંદીના દાગીના અજાણ્યા તસ્કરોએ ચોરી કરી હતી.

સોનાની ચેન નંગ-૨ આશરે કિંમત રૂા.૪૦,૦૦૦, સોનાની ચુની નંગ-૭ આશરે કિંમત રૂા.૨૮૦૦, સોનાની અંગુઠી નંગ-૬ આશરે કિંમત રૂા.૧૨,૦૦૦, સોનાની બુટ્ટી નંગ-૨ આશરે કિંમત રૂા.૧૦,૦૦૦, ચાંદીના છડા જોડ નંગ-૩ આશરે કિંમત રૂા.૬,૦૦૦, ચાંદીના સિક્કા નંગ-૪ આશરે કિંમત રૂા.૭૦૦ કુલ મુદ્દામાલ રૂા.૭૮,૫૦૦ની સોના-ચાંદીના દાગીના અને માલમત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે.ભિલોડા નિલકંઠ સોસાયટીના રહેવાસી મગનભાઈ જેઠાભાઈ પરમારએ ચોરીના બનાવ સંદર્ભે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો દર્જ કરી ઈ.પી.કો.કલમ ૪૫૭,૩૮૦ મુજબ ગુનો દર્જ કરી ધારા-ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.ભિલોડા પી.એસ.આઈ. એચ. પી. ઝાલા ચોરીના બનાવ સંદર્ભે વધુ તપાસ ચલાવી રહ્યા હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડાનગરના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાં અવાર-નવાર ચોરીઓનો ઉપદ્રવ વધતાં પ્રજાજનોમાં ભારે ફફળાટ ફેલાયો છે.પોલીસ ધ્વારા નાઈટ પેટ્રોલીંગ વધારવાની તાતી જરૂરીયાત હોવાનું લોકમુખે ચર્ચાય છે.

# અરવલ્લી જિલ્લાના ફરેડી ગામ પાસેથી ૨૩,૯૦૦નો દારૂ ઝડપાયો

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લાના પોલીસ અધિક્ષકની સૂચના અને માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. અરવલ્લી પોલીસ ઈન્સ્પેકટર પી.કે. પટેલ તથા એલ.સી.બી. સ્ટાફ દ્વારા પ્રોહીબીશન નાકાબંધી કરવામાં આવી હતી.

આ નાકાબંધી દરમ્યાન ફરેડી ગામના સબસ્ટેશનના પાછળના રસ્તે માનવાઈ કંપાની બાજુમાં આવેલ કાચા નાળીયાવાળા રસ્તે બાતમી મળતા હકીકતના આધારે વોચમાં હતા. તે દરમ્યાન એક નંબર વગરની બજાજ ડીસ્કવર મોટર સાયકલ ઉપર એક ઈસમ કંતાનના કોથળાઓમાં કંઈક ભરી લઈ મેવડા તરફના રસ્તે આવતા મોટરસાયકલ ચાલકને રોકવા રસ્તો બ્લોક કરતા તે ઈસમ મોટરસાયકલ મુકી ભાગી છુટ્યો હતો. મોટરસાયકલ ઉપરના કંતાનના કોથળાઓમાં ચેક કરતા ઈંગ્લિશ દારૂ પેટી નંગ-૩ તથા છુટી બોટલો ૪૭ મળી કુલ બોટલો નંગ-૧૯૧ તથા બિયરની પેટીઓ નંગ-૨ માં ટીન નંગ-૪૮ મળી કુલ કિં. રૂ. ૨૩,૯૦૦ ની કિંમતનો દારૂ તથા મોટરસાયકલ કિં. રૂ. ૨૦,૦૦૦ મળી કુલ કિ. રૂ. ૪૩,૯૦૦ ના મુદ્દામાલ જપ્ત કરી માલપુર પોલીસ સ્ટેશન ખાતે ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ ક. ૬૬(૧)બી, ૬૫એઈ, ૧૧૬બી, ૮૧ મુજબ ફરીયાદ દાખલ કરવામાં આવી છે.

# ઘડી પાસે આઈસર અને રીક્ષા વચ્ચે અકસ્માત : ૨ મહિલાના મોત : ૧૧ને ઈજા

હિંમતનગર, તા.૧૬

પ્રાંતિજ તાલુકાના ઘડી ગામ પાસેથી શનિવારે બપોર બાદ હિંમતનગર તાલુકાના નવલપુર ગામના અને પ્રાંતિજ તાલુકાના મોયદ ગામના મળી ૧૩ જણા રીક્ષામાં બેસી તલોદમાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયેલ મહિલાની ખબર અંતર પુછવા જઈ રહ્યા હતા ત્યારે આઈસર ટ્રક અને રીક્ષા વચ્ચે અકસ્માત થતા ગંભીર ઈજાને કારણે બે મહિલાના મોત નિપજયા હતા. તેમજ અન્ય ૧૧ ને ઈજા થતા સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયા હતા.

આ અંગેની વિગત એવી છે કે શનિવારે બપોર બાદ નવલપુર ગામના ૧૧ અને મોયદ ગામના ૨ મળી રાવળ સમાજના ૧૩ જણા તલોદમાં આવેલી એક ખાનગી હોસ્પિટલમાં ભીખીબેન કાળાભાઈ રાવળ બિમાર હોવાને કારણે ખબર અંતર પુછવા જતા હતા.

દરમિયાન હિંમતનગર તલોદ રોડ પર આવેલ ઘડી ચાર રસ્તા પાસેથી રીક્ષા પસાર થઈ રહી હતી ત્યારે સામેથી આવતી આઈસર ટ્રકે રીક્ષાને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેના કારણે રીક્ષામાં બેઠેલ મુસાફરો પૈકી ૨ મહિલાઓને ગંભીર ઈજા થતા બંનેના ઘટના સ્થળે કરૂણ મોત નિપજયાં હતા. જયારે રીક્ષાના ચાલક સહિત ૧૧ ને ઈજા થતા તેમને સારવાર માટે ૧૦૮ દ્વારા હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા. અકસ્માતની જાણ થતા પ્રાંતિજ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# સમર્થ ગૃપ ઓફ કોલેજીસના આઈટીના ૨૪ વિદ્યાર્થીઓ કેલિફોર્નિયા જશે

હિંમતનગર, તા.૧૬

હિંમતનગર પાસે આવેલ સમર્થ ગૃપ ઓફ કોલેજીસમાં આઈટી વિદ્યાશાખામાં ભણતા ૨૪ વિદ્યાર્થીઓ યુએસમાં આવેલ કેલિફોર્નીયા યુનિવર્સીટીમાં વધુ અભ્યાસ અર્થે જશે. જોકે ૧૪ વિદ્યાર્થીઓની પ્રથમ ટીમ તા. ૧૫ જુલાઈના રોજ જશે. ત્યારબાદ બીજી ટીમને મોકલવામાં આવશે. આ વિદ્યાર્થીઓને કોલેજના સંચાલક મંડળ દ્વારા શિષ્યવૃત્તિરૂપે આર્થિક મદદ કરવામાં આવશે.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

આ અંગે કોલેજના સીઈઓ અભિષેક રાઠી અને અતુલ ધવને જણાવ્યું હતું કે સમર્થ કોલેજના આઈટી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને કેલિફોર્નીયા યુનિવર્સીટીમાં તાલીમ આપવાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે યુએસમાં ચાલતી નવિન ટેક્નોલોજી અંગે માર્ગદર્શન મળે તથા એન્જીનીયરીંગ ફીલ્ડમાં કઈ રીતે કામ થાય અને દેશના વિકાસમાં તેમનો ફાળો રહે તે છે. સમર્થ કેમ્પસ દ્વારા એક મહિનામાં ગુગલ, એરટેલ, પ્યુપલ, સતાણી, એસજીએસ, ટેક્નોમેક સહિતની ૧૦ થી વધુ કંપનીઓમાં સમર્થના ૪૮ વિદ્યાર્થીઓનુ પ્લેસમેન્ટ થયું છે. ઉલ્લેખનીય છે કે સમર્થ કેમ્પસ દ્વારા ધોરણ ૧૨ ની પરીક્ષા આપી ચુકેલા વિદ્યાર્થીઓ માટે દર શનિવારે માર્ગદર્શન વર્કશોપ પણ ચલાવવામાં આવે છે. યુએસ જનારા વિદ્યાર્થીઓ તેમની તાલીમ દરમિયાન શૈક્ષણિક પ્રવાસ કરીને વિગતો મેળવશે.

# પાલનપુરમાં કલેક્ટરની હાજરીમાં વિવિધ સમિતિઓની બેઠક યોજાઈ

પાલનપુર, તા.૧૬

પાલનપુર મુકામે બનાસકાંઠા જિલ્લા કલેકટર દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિ સહિત વિવિધ સમિતિઓની બેઠકો યોજાઈ હતી. જેમાં ડીસા સર્કલનો ટ્રાફિકનો પ્રશ્ન, ઉનાળાની સીઝનમાં પાણી, ટોલટેક્ષ, પાલનપુરમાં સાંસ્કૃતિક ભવન અને રમત ગમતનું મેદાન, તળાવ અને ગામતળ નીમ કરવા, જાહેર શૌચાલય બાંધવા, વીજળી, રોડ, પેન્શનના બાકી પ્રશ્નો, ખાતાકીય તપાસના કેસો, નાગરિક અધિકારપત્રની અરજીઓ, તકેદારી પંચની બાકી અરજીઓનો નિકાલ વગેરે પ્રશ્નો રજુ કરવામાં આવ્યા હતા. કલેકટરએ સંસદ સભ્ય અને ધારાસભ્યના પ્રશ્નો ઉપરાંત ઓનલાઈન સ્વાગતના તથા લોકસંવાદના બાકી પ્રશ્નો જેવા કે દબાણો દુર કરવા અધિકારીઓને સુચના આપી હતી.



નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. આ ઉપરાંત નેશનલ ઈલેકટ્રોરલ રોલ બ્યુટીફિકેશન એન્ડ ઓથોન્ટીફિકેશન પ્રોગ્રામ અંગેની બેઠકમાં મતદાર કાર્ડને આધાર કાર્ડ સાથે લીક કરવા જણાવાયું હતુ. ચૂંટણીકાર્ડમાં નામ, જન્મ તારીખ વગેરેમાં સુધારો કરાવવો હોય તો અત્યારે કરાવી શકાય છે. ચોમાસું નજીક આવી રહ્યું છે ત્યારે તેના આગોતરા આયોજન માટે મીટીંગ યોજાઈ હતી. જેમાં ગટર લાઈનો અને વોકળાની સાફ સફાઈ કરાવવી, ચોમાસામાં રોગચાળો ન ફાટે તે માટે પાણીની ટાંકીઓની સફાઈ કરાવી કલોરીનેશન કરાવવા અંગે અધિકારીઓને સુચના આપવામાં આવી હતી.

# ધાનેરા ટી.ડી.ઓ મુખ્યમંત્રી અને મંત્રીના આદેશને ઘોળીને પી ગયા

**મંત્રીના આદેશના પણ અધિકારીઓ ગાંઠતા નથી : ૧૩ ડિસેમ્બરે યોજાયેલ લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં મંત્રીએ આદેશ આપ્યો છતાં આલવાડાનું દબાણ દૂર થતું નથી**

પાલનપુર, તા.૧૬

સરકારના કામોમાં ગતિશીલતા લાવવા અને લોકોના વર્ષો જુના પડતર પ્રશ્નોના ઝડપી નિકાલ માટે રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે સ્પેશ્યલ જી.આર. કરી લોકસંવાદ સેતુ કાર્યક્રમ શરૂ કર્યો હતો. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના આલવાડા ગામના અરજદાર મુકેશ ચૌહાણે તા.૧૫ નવેમ્બર-૨૦૧૪ના રોજ અરજી કરી હતી. જેની સુનવણી ધાનેરા મુકામે તા.૧૩ ડિસેમ્બર-૨૦૧૪ના રોજ જિલ્લાના સહપ્રભારી મંત્રી તારાચંદ છેડાના અધ્યક્ષસ્થાને યોજાયેલ લોક સંવાદ સેતુ કાર્યક્રમ કરવામાં આવી હતી અને મંત્રી ધ્વારા ધાનેરા ટી.ડી.ઓ.ને એક અઠવાડીયામાં આલવાડાનું દબાણ દૂર કરી, કબજો આપી રિપોર્ટ કરવા સુચના આપવામાં આવી હતી તથા અરજદારને પણ મંત્રીએ ખાતરી આપી હતી કે એક અઠવાડીયામાં દબાણ દૂર કરી ટી.ડી.ઓ. ધ્વારા કબજો સોંપી દેવામાં આવશે.

પરંતુ ગતિશીલ ગુજરાતમાં ઉલટી ગતિ.... થતી હોય તેમ સત્તાના મદમાં રાચતા ધાનેરા ટી.ડી.ઓ. મુખ્યમંત્રી અને મંત્રીના આદેશને પણ ઘોળીને પી ગયા છે અને ઘરની ધોરાજી ચલાવે છે તથા દબાણકર્તા સાથે એવું તો શું શેટીંગ કર્યુ છે કે અરજી કર્યાને ૬ મહિનાનો સમય વિતવા છતાં સામાન્ય દબાણ દૂર થતું નથી. આ અંગે અજદાર ધ્વારા જિલ્લા વહીવટીતંત્રમાં કડક ડી.ડી.ઓ.ની છાપ ધરાવતા ડી.ડી.ઓ.શ્રી એચ.કે.પટેલ અને મંત્રીશ્રી તારાચંદ છેડાને પણ લેખિત રજુઆત કરવામાં આવી છે તેમના ધ્વારા ધાનેરા ટી.ડી.ઓ.ને વારંવાર સુચના આપવામાં આવી છે પણ ટી.ડી.ઓ. મોટી રાજકીય વગ ધરાવતા હોવાથી તેના પેટનું પાણી પણ હલતું નથી.

# ઊંઝાના ઉનાવા ગામે કારની ટકકર વાગતા સ્કૂટર ચાલકને ગંભીર ઈજાઓ

ઊંઝા, તા.૧૬

ઊંઝા તાલુકાના ઉનાવા ગામે હાઈવે રોડ પર આઈ ટવેન્ટી કારે એકટીવા ચાલકને ટકકર મારતા તેને ગંભીર ઈજાઓ થવા પામી હતી.જેને સારવાર અર્થે પ્રથમ કોટેજ હોસ્પિટલ અને બાદમાં મહેસાણા ખસેડાતા ખાનગી દવાખાનામાં મોત નીપજયું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર ઊંઝાના વેપારી કાન્તિલાલ મોહનલાલ પટેલ (ગુરૂ) તેમનું એકટીવા લઈ સવારના સમયે ઉનાવા ખાતે આવેલ તેમના બજરંગ બોર પર જઈ રહ્યા હતા તે દરમિયાન પાછળથી પુર ઝડપે આવી રહેલ આઈ ટવેન્ટી કારના ચાલકે ટકકર મારતા કાન્તીલાલ નીચે પટકાતાં ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્તને ઊંઝા કોટેજ હોસ્પિટલમાં સારવાર બાદ વધુ સારવાર અર્થે મહેસાણા ખાનગી દવાખાને ખસેડાયા હતા. જયાં સારવાર દરમિયાન તેમનુ મોત નિપજયું હતું. આ બાબતે સ્થાનિક પોલીસે મૃતકના ભત્રીજાની ફરિયાદના આધારે આઈ ટવેન્ટી કારના ચાલક સામે અકસ્માતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦